# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.

પ્રતિ,                                                                                    તા. ૦૯/૦૬/૨૦૧૭

તંત્રીશ્રી,

..............................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન પ્રસિધ્ધ કરશોજી.

લિ.

(વિનોદ જૈન)

મીડિયા કન્વીનર, સુરત

- **ભ્રષ્ટ્રાચાર અને સરકાર એકબીજાના પર્યાય બની ચૂક્યા હતા તેવા કપરા કાળમાં "મોદી યુગ"નો પ્રારંભ થયો : કેન્દ્રિય મંત્રી શ્રી પુરુષોતમભાઈ રૂપાલાજી**
- **ભ્રષ્ટ્રાચાર મુક્ત શાસન એ મોદી સરકારની ત્રણ વર્ષની સૌથી મોટી ઉપલબ્ધિ**
- **કોંગ્રેસના શાસનકાળમાં યોજનાઓ માત્ર કાગળ પૂરતી જ મર્યાદિત હતી, જ્યારે ભાજપના શાસનમાં યોજનાઓ જન–જન સુધી પહોંચી છે**
- **સમગ્ર ભારતને "એક કરવાનું ભગીરથ કાર્ય" સરદાર વલ્લભભાઈ પટેલે કર્યુ. તે જ રીતે નરેન્દ્રભાઈ મોદીજી વહીવટી રીતે ભારતને એક સુત્રે બાંધી રહ્યા છે**
- **૨૦૨૨ સુધી ખેડૂતોની આવક બમણી કરવાનો નિર્ધાર જ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીનું ખેડૂતો પ્રત્યેનું વિઝન દર્શાવે છે : કેન્દ્રિય મંત્રી શ્રી પુરુષોતમભાઈ રૂપાલાજી**

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળા તથા મહામંત્રીશ્રીઓ શ્રી મદનસિંહ અટોદરીયા, ડો. જગદીશભાઈ પટેલ અને શ્રી કિશોરભાઈ બિંદલ એક અખબારી નિવેદનમાં જણાવે છે કે,

મોદી સરકારની સફળતાના ગૌરવશાળી ત્રણ વર્ષની કામગીરી, સિદ્ધિઓ અંગે "મોદી ફેસ્ટ (પ્રદર્શન)" અન્વયે આયોજીત પત્રકાર પરીષદને સંબોધન કરતા કેન્દ્રિય મંત્રી શ્રી પુરૂષોતમભાઈ રૂપાલાજીએ જણાવ્યું કે આઝાદી સમયે ભારત જુદા–જુદા ખંડોમાં રાજા–રજવાડાઓમાં વહેંચાયેલું હતું. આ તમામ રાજા–રજવાડાઓને એક કરીને "અખંડ ભારત"નું નિર્માણ કરવાનું ભગીરથ કામ આપણા સરદાર વલ્લભભાઈ પટેલે કર્યુ હતું. આજે ભારત દેશ એક હોવાં છતાય દરેક રાજ્યમાં ટેક્ષની પરિભાષા અલગ–અલગ છે. આમ "એક ભારત, એક ટેક્ષ"ના સુત્રને સાર્થક કરવા મોદી સરકારે GST કાયદો અમલમાં મુક્યો છે. આમ "ભારતને વહીવટી રીતે એક" કરવાનું ભગીરથ કાર્ય આપણા નરેન્દ્રભાઈ મોદી કરી રહ્યા છે. તે આપણા માટે ગર્વની વાત છે. વધુમાં કેન્દ્રિય મંત્રી શ્રી પુરૂષોતમભાઈ રૂપાલાજીએ જણાવ્યું કે GST કાયદાના અમલમાં કોઈ ખામી ન રહી જાય તે માટે પ્રથમ વખત એક અલગથી કાઉન્સીલની રચના કરવામાં આવી છે. ૨૯ રાજ્યના નાણામંત્રી આ કાઉન્સીલના સભ્ય છે અને કેન્દ્રિય નાણામંત્રી તેના ચેરમેન છે. એક કાયદા માટે અલગ પ્રકારની કાઉન્સીલનું નિર્માણ કરવામાં આવ્યું હોય તેવી હિન્દુસ્થાનના ઈતિહાસની પ્રથમ ઘટના છે.

કોંગ્રેસની "કાગળ વિકાસ" ગાથાની ધુળ ખંખેરી નાખતાં કેન્દ્રિય મંત્રી શ્રી પુરૂષોતમભાઈ રૂપાલાજીએ જણાવ્યું કે કોંગ્રેસના શાસનમાં પાંચ થી પચ્ચીસ વર્ષ સુધીની વિકાસ યોજના વિલંબિત જ રહેતી હતી. કોંગ્રેસની યોજનાઓ માત્ર કાગળ પુરતી જ સિમિત રહેતી હતી. કોંગ્રેસની ૯૯ યોજનાઓ પેન્ડિંગ હતી. મોદી સરકાર શાસનમાં આવ્યા બાદ ૨૨ યોજનાઓ પુરી કરી દીધી છે આને કહેવાય વિકાસ. મોદી સરકારે ગરીબલક્ષી યોજનાઓ માટે ૫૦,૦૦૦ કરોડનું અનામત ભંડોળ ઊભું કર્યુ છે.

આ ભંડોળ માત્ર કાગળ પર જ દર્શાવ્યું હોય તેવું નથી, પરંતુ આ ભંડોળ પૈકીનું ૨૦,૦૦૦ કરોડનું ભંડોળ તો યોજનાઓ પાછળ ખર્ચી નાંખવામાં આવ્યું છે.

મોદી સરકારના શાસનમાં ખેડૂતોના થયેલા વિકાસ પર પ્રકાશ પાડતા રૂપાલાજીએ જણાવ્યું કે ૨૦૨૨ સુધી ખેડૂતોની આવક બમણી થશે. આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીનું આ સ્ટેટમેન્ટ જ સરકારની ઈચ્છાશક્તિ દર્શાવે છે. મોદી સરકારના શાસનમાં ખેડૂતો સમૃદ્ધ થયા છે અને હજી વધુ સમૃદ્ધ થશે. બાકી આઝાદ હિન્દુસ્થાનના ઈતિહાસમાં દેશના કોઈ પણ પ્રધાનમંત્રીશ્રીએ ખેડૂતોની આવક સંબંધી ચિંતા વ્યક્ત કરી હોય અથવા કોઈ નિવેદન આપ્યું તેવું હજી સુધી નોંધાયું નથી.

ભ્રષ્ટ્રાચારમુક્ત શાસનને મોદી સરકારની સૌથી મોટી સફળતા ગણાવતા કેન્દ્રિય મંત્રી શ્રી રૂપાલાજીએ જણાવ્યું કે ભ્રષ્ટ્રાચાર અને સરકાર એકબીજાના પર્યાય બની ચૂક્યા હતા. તેવા કપરા કાળમાં મોદી સરકારનો ઉદય થયો હતો અને આજે ૩ વર્ષના શાસનમાં મોદી સરકાર પર ભ્રષ્ટ્રાચારનો એક પણ આક્ષેપ નથી.

આજની પત્રકાર પરીષદમાં શહેર અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળા, સાંસદ શ્રી સી.આર. પાટીલ અને શ્રીમતી દર્શનાબેન જરદોશ, પ્રદેશ મંત્રી શ્રીમતી દર્શિનીબેન કોઠીયા, સુરત મહાનગરપાલિકાના મેયર શ્રીમતી અસ્મિતાબેન શિરોયા સહિતના શહેર હોદ્દેદારો અને મહાનુભાવો હાજર રહ્યા હતા.